# ચિલોડા-સરખેજ હાઈવેને અનુલક્ષી નવેમ્બરમાં ઉવારસદના બ્રિજનુ લોકાર્પણ

## પકવાન અને સાણંદ સર્કલ પરના બ્રિજનુ પણ ઓકટોબરના અંત સુધીમાં લોકાર્પણ કરાશે : અડાલજ કેનાલ પરના બ્રિજના વાઇડનીંગ માટે પણ નર્મદા વિભાગની મંજુરી

ગાંધીનગર તા ૧૫

ચિલોડા સરખેજ હાઈવેના પ્રોજેકટને અનુલક્ષીને રૂટમાં ૯ ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે જયારે આ પૈકી ઉવારસદનો બ્રિજ આગામી નવેમ્બર સુધીમાં તૈયાર થઈ જશે જયારે પકવાન ચાર રસ્તા અને સાણંદ સર્કલ પાસેના બ્રિજનુ લોકાર્પણ આગામી ઓકટોબર મહીનાના અંતમાં કરી દેવાશે આ પ્રોજેકટને અનુલક્ષી અડાલજ પાસે કેનાલ પર બ્રિજ વાઈડનીંગના કામને પણ નર્મદા વિભાગે મંજુરી આપી દીધી છે.

ગાંધીનગર ચિલોડા સરખેજ હાઈવેની કામગીરીને અનુલક્ષી આ રૂટમાં વિવિધ ૯ બ્રિજ તૈયાર કરવામાં આવનાર છે. જયારે આ પૈકી ર રેલવે બ્રિજનો પણ સમાવેશ થાય છે. જયારે અડાલજ પાસેની નર્મદા કેનાલને અનુલક્ષીને પણ બ્રિજને ફોરલેનમાંથી આઠલેન બનાવવાનુ આયોજન કરાયુ છે. જેને અનુલક્ષી હવે નર્મદા નિગમે પણ મંજુરી આપી દીધી છે. જેથી આ મામલે સ્ટેટ હાઈવે ઓથોરીટી આ દરખાસ્ત ટુંકમાં કેન્દ્ર સરકારને મોકલશે. જયારે નર્મદા કેનાલના પરના બ્રિજને અપગ્રેડ કરવા માટે ભારત સરકાર કક્ષાએથી મંજુરી આપી દેવાયા બાદ આ કેનાલના બ્રિજનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરાશે. ચિલોડા સરખેજ હાઈવેનો અનુલક્ષી ચિલોડાથી સરખેજ વચ્ચેના રૂટમાં વિવિધ ૯ બ્રિજ તૈયાર કરવાના છે. જયારે આ પૈકી પકવાન અને સાણંદ સર્કલ પરનો બ્રિજ મોટાભાગે તૈયાર કરી દેવાયો છે. આગામી ઓકટોબર મહીનાના અંત સુધીમાં આ બ્રિજનુ લોકાર્પણ કરી દેવાય તેવી પણ તૈયારીઓ ચાલી રહી છે. હાલ બ્રિજના બ્યુટીફિકેશન તેમજ લાઈટ માટે પણ પસંદગીની પ્રકીયા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર નજીકના ઉવારસદ બ્રિજ પણ નવેમ્બર મહીનામાં તૈયાર થઈ જશે. જયારે સરગાસણ અને ઘ-૦ પાસેના બ્રિજનુ કામ પણ માર્ચ ૨૦૨૧ સુધીમાં કામ પુર્ણ થઈ જશે. ચિલોડા સરખેજ હાઈવેના મહત્વકાંક્ષી પ્રોજેકટનુ કામ લાંબા સમયથી ચાલી રહ્યુ છે. કોરોનાના કહેર વચ્ચે પણ આ પ્રોજેકટની કામગીરી મોટાભાગે ચાલુ રહી હતી જો કે થોડા દિવસો સુધી મજુરોના અભાવે કામ બંધ રહેતા કામગીરીમાં અંશત : વિલંબ થયો છે. નર્મદા કેનાલ પરના બ્રિજને પણ ટુંકમાં મંજુરી આપી દેવાતા આ બ્રિજને આઠલેન કરવામાં આવશે.ચિલોડા સરખેજ હાઈવેના પ્રોજેકટનુ કામ પુર્ણ થયા બાદ ગાંધીનગર અમદાવાદ વચ્ચેનો વાહનવ્યવ્હાર વધુ સરળ બનશે. જયારે સૌરાષ્ટ્ર તરફ જવાનો ટ્રાફિકને પણ અમદાવાદનો ચક્કાજામ નડશે નહીં.

## ખૂણેખાંચરેથી

- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ એકાઉન્ટ ઓફિસર વર્ગ-૨ની સ્પર્ધાત્મક પ્રિલીમ પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયુ છે. ૧૧૨૦ પારીક્ષાર્થીઓ ક્વોલીફાય થયા છે હવે માર્ચમાં ફાયનલ પરીક્ષા યોજાશે.
- ગાંધીનગર જિલ્લામાં માતા-મરણ અને બાળ-મરણમાં થયેલા ઘટાડાને લઈ આજે જિલ્લા કલેક્ટરે ટીમ આરોગ્યને અભિનંદન આપ્યા હતા.
- ૧૭મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે ગાંધીનગરમાં યોજાનારા વિવિધ કાર્યક્રમોના આયોજનો અને તેની તૈયારીઓની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે સાંજે બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગરમાં આજે એન્જીનીયર્સ ડેની ઉજવણી એન્જીનીયરોએ એક-બીજાને શુભેચ્છા આપી કરી હતી.
- ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૧૬મી સપ્ટેમ્બરથી શરૂ થનારી પ્રત્યક્ષ સુનાવણી આગામી આદેશો સુધી મુલ્તવી રાખવાનો હાઈકોર્ટનો નિર્ણય. જો કે ઓનલાઈન સુનાવણી ચાલુ રખાશે.
- વિધાનસભા સત્રમાં જાહેર જનતાને પ્રવેશ આપવામાં આવશે નહિ તો પત્રકારોને પણ કોરોના અંગે ટેસ્ટ કરાવવો ફરજીયાત છે.

# ગાંધીનગરમાં હરિયાળા ઘટાદાર વૃક્ષોનો ભોગ લેવાતા પ્રકૃતિપ્રેમીઓમાં રોષ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર જયારથી વિકસ્યું ત્યારથી તેની હરિયાળી માટે જ વધુ જાણીતું બન્યું હતું. જો કે ગ્રીન



સિટીનું બિરૂદ ગુમાવી ચૂકેલા ગાંધીનગરમાં હજુ પણ લીલાછમ ઘટાદાર વૃક્ષોને કોઈને કોઈ કારણસર કાપી નાખવાની પ્રવૃત્તિ અટકતી નથી. આજે શહેરની ઓળખ સમા નવા વિધાનસભા સંકુલ સામે વર્ષો જૂના વિકસેલા બે ઘટાદાર લીલાછમ વૃક્ષોને અગમ્ય કારણોસર કાપી નાખવામાં આવતાં શહેરના પ્રકૃતિ પ્રેમી નાગરિકોમાં રોષની લાગણી પ્રવર્તવા પામી છે.

પાટનગરના નવા સચિવાલય સંકુલની અંદર વિધાનસભાની સામેના માર્ગની એક બાજુએ વર્ષોથી ઉભેલો લીલોછમ કણજો અને ઘટાદાર લીમડો જેવા બે વૃક્ષોને આજે કાપી નંખાયા હતા. માર્ગની એક તરફ વર્ષોથી ઉગેલા અને ઘટાદાર બનેલા આ હરિયાળા વૃક્ષો કયા કારણથી કાપવામાં આવ્યા તે અંગે વૃક્ષોને કાપવાનું કામ કરી રહેલા કર્મચારીઓ જણાવી શક્યા નહોતા અને આ અગમ્ય કારણોસર કપાયેલા બંને વૃક્ષોની તસવીરો શહેરના સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમીઓમાં રોષની લાગણી પ્રવર્તવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં થોડા સમય પહેલા ઈન્ફોસિટી પાસે હારબંધ ઉગેલા લીલાછમ લીમડાના વૃક્ષો અને શહેરની મધ્યમાં ઘ-૪ સર્કલ પાસે અંડરપાસ બનાવવાના કારણે તેમજ ગ-માર્ગને સિક્સલેન કરવા માટે કાપવામાં આવેલા સંખ્યાબંધ વૃક્ષોને કારણે શહેરની પર્યાવરણવાદી સંસ્થાઓ તેમજ પ્રકૃતિ પ્રેમી નાગરિકોમાં આમ પણ રોષની લાગણી પ્રવર્તી રહી હતી તેમ છતાં શહેરમાં સરકારી તંત્ર દ્વારા જ વૃક્ષો કાપવાની પ્રવૃતિ અટકતી નથી જેના કારણે શહેરના જાગૃત નાગરિકો ચિંતિત બન્યાં છે.

# ઓનલાઈન અભ્યાસ માટે યુવતીએ ફોન માગતા પતિએ મારામારી કરી

## યુવતીએ ૧૮૧ અભયમ ટીમની મદદ માંગી : તેમણે સ્થળ પર જઈને તમામને સમજાવી સમાધાન કરાવ્યું

ગાંધીનગર, તા.૧૫

કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે વેપાર-ધંધા ઠપ્પ થઈ ગયા છે તેમજ શાળા કોલેજો પણ બંધ છે તેવી સ્થિતિમાં ઓન લાઈન અભ્યાસના વર્ગો ચાલી રહ્યા છે ત્યારે ઓનલાઈન ભણતર માટે કોલેજીયન પરિણિત યુવતિએ ફોન માંગતા પતિએ ઝઘડો કરી મારપીટ કરી હોવાની ઘટના સામે આવી છે. ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના એક ગામમાંથી ૧૮૧ અભયમની ટીમને કોલ આવતા ટીમ મદદે પહોંચી ગઈ હતી. ટીમને યુવતિએ કહ્યું કે પતિ-સાસુ ઝઘડો કરી મારપીટ કરે છે જેથી યુવતિના પિયર-સાસરી પક્ષના વ્યકિતઓ એકઠા થયા હતા પરંતુ સમાધાનનો કોઈ નિવેડો ના આવતા યુવતિએ અભયમ ૧૮૧ હેલ્પલાઈનની મદદ લીધી હતી.

યુવતિએ કહ્યું હતું કે તે બીએમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. કોરોનાને પગલે ઓનલાઈન અભ્યાસ માટે યુવતિએ પતિ પાસે ફોન માંગતા પતિ ફોન લઈ આપવાની ના પાડે છે તેથી વધુ તેઓ ભણવાની જ ના પાડે છે. પરંતુ લગ્ન પહેલા અભ્યાસની વાત થઈ હતી ત્યારે આગળ ભણાવીશું નહીં તેવી કોઈ પણ પ્રકારની વાતચીત થઈ નહતી. ફોન મામલે ઝઘડો થતા પતિએ યુવતિ પર હાથ ઉપાડયો હતો. જેથી યુવતિએ પિયરના વ્યકિતઓને બોલાવી લીધા હતા પરંતુ પિયર-સાસરી પક્ષ વચ્ચે સમાધાન ન થતા યુવતિએ અભયમની મદદ માંગી હતી. જેથી ૧૮૧ ટીમે ભણતરમાં આગળ હોય તેવી યુવતિઓને સપોર્ટ મળી રહે તે માટે પતિ, પરિચિતો અને ઉપસ્થિત ગ્રામજનોને સમજાવ્યા હતા. જેથી યુવતિના સાસરી પક્ષના સભ્યોએ પાંચ દિવસમાં ફોન લાવી આપવા અને આગળ ભણાવવા માટે બાંહેધરી આપી હતી જયારે સામે પક્ષે યુવતિની પણ ભૂલ હતી તે સાસુને અપશબ્દો બોલી હતી તેમજ ઝઘડો ન કરવા પણ જણાવ્યું હતું. યુવતિએ તમામ સભ્યોની માફી માંગી હતી તે ઉપરાંત ફરીવાર આ પ્રકારની ભૂલ નહી થાય તે માટે લેખિત બાંહેધરી આપી હતી.




પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે સેકટર-ર સરકારી પ્રાથમિક શાળા ખાતે સેવા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવા સપ્તાહ અંતર્ગત યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમાં વોર્ડ નં.૮ના કોર્પોરેટર, મનુભાઈ પટેલ, પ્રવિણાબેન વોરા, શહેર ઉપાધ્યક્ષ મુકેશભાઈ જાની, વોર્ડ પ્રમુખ મેહુલભાઈ પટેલ, મહામંત્રી વિજયભાઈ પટેલ વગેરે કાર્યકરો અને પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

# આરટીઆઈ કરવી છે?... કોરોના સંક્રમણ કારણે રૂબરૂ જઈ શકાતું નથી તો ઓનલાઈન અરજી કરો

ગાંધીનગર

ગુજરાતમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ આરટીઆઈ અરજીને ઓનલાઈન કરવા માટેની પ્રક્રિયા ગુજરાત સરકારે શરૂ કરી દીધી છે અને હવે લોકો તેમની અરજી ઓનલાઈન કરી શકે છે. ગુજરાત માહિતી આયોગે કોરોના સંક્રમણના કારણે તેની સિસ્ટમને ઓનલાઈન કરી દીધી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતની સુપ્રીમ અદાલતમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં સરકારે કહ્યું હતું કે અમે અરજદારો પાસેથી ઓનલાઈન અરજી લઈ શકીએ તેવી સુવિધા શરૂ કરવાની તૈયારી કરી રહ્યાં છીએ. ઉચ્ચ ન્યાયાલયની ખંડપીઠ સમક્ષ સરકારે આ ખાત્રી આપી હતી. દરમ્યાન કોરોના સંક્રમણ અને લોકડાઉન થતાં માહિતી આયોગે ઝડપથી તેની પ્રક્રિયા પૂર્ણ કરી અરજદારોને ઘેરબેઠાં અરજી કરવાનો મોકો આપ્યો છે.

**ગુજરાત માહિતી આયોગે લોકડાઉન સમયે શરૂ કરેલી ઓનલાઇન અરજીની સિસ્ટમ હવે કાયમી રહેશે, અરજદારો અરજી કરીને ઓનલાઇન માહિતી મંગાવી શકશે**

નવી વેબસાઈટમાં એકત્રીત વર્કફલો અને દસ્તાવેજો મૂકવામાં આવ્યા છે. એ ઉપરાંત આઈડબલ્યુડીએમએની ડિઝાઈન અને તેની માવજત માટે પણ તૈયારી કરી છે. આરટીઆઈ એક્ટિવિસ્ટ વેબસાઈટ પર ડોક્યુમેન્ટ્સ પણ જોઈ શકે છે. અરજદાર અરજીની સાથે બીજી ઘણી બધી કાર્યવાહી ઓનલાઈન કરી શકશે.

ઓનલાઈન આરટીઆઈ સિસ્ટમ તબક્કાવાર શરૂ કરવામાં આવી છે, જેમાં સચિવાલયના વિભાગો, બોર્ડ-કોર્પોરેશન, વિવિધ સરકારી સંસ્થાઓ અને જિલ્લા તાલુકા કાર્યાલયોને સાંકળી લેવામાં આવ્યા છે. માહિતી આયોગે કહ્યું છે કે ગુજરાત કોરોના મુક્ત થાય તે પછી પણ આ ઓનલાઈન અરજી કરવાની સિસ્ટમ ચાલુ રાખવામાં આવશે કે જેથી રાજ્યના કોઈપણ ખૂણેથી અરજદાર તેની અરજી કરીને માહિતી મેળવી શકે છે.

આયોગે અપીલ અને ફરિયાદને લગતા દસ્તાવેજો પણ ઓનલાઈન વેબસાઈટ પર મૂક્યાં છે. ઈ-સ્ટેટસ અને લોગઈન પેઝ પર તેને જોઈ શકાય છે. અરજદારને કેસનું સ્ટેટસ પણ જાળવા મળે છે. પેન્ડીંગ કેસ કેટલા છે તે પણ અરજદાર જોઈ શકે છે. આયોગની વેબસાઈટમાં ઓનલાઈન લિંકઅપ પ્રોસેસ અને હાઉ ટુ શો ઓનલાઈન ડોક્યુમેન્ટ નામના બે વિભાગ શરૂ કરવામાં આવ્યા છે.

# સારવાર બાદ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલ હવે કોરોના મુક્ત

## ભાજપ પ્રદેશ પ્રમુખે પોતે જ ટ્વિટ કરીને તેમનો આરટી-પીસીઆર રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવોની માહિતી આપી

ગાંધીનગર, તા. ૧૫

સીઆર પાટીલનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. હાલ ખાનગી સારવાર હેઠળ રહેલા પાટીલને આતવીકાલે રજા આપી દેવામાં આવશે. પાટીલે ટ્વીટ કરીને જાણકારી આપતા કહ્યું હતું કે તેમનો આરટી-પીસીઆર રિપોર્ટ નેગેટિવ આવ્યો છે, અને આવતીકાલે તેમને ડિસ્ચાર્જ મળી જશે. ગુજરાતમાં ભાજપ અને



કોંગ્રેસના અનેક નેતાઓ કોરોનાના દર્દી બન્યા છે. તેવામાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં જંગી રેલીઓ કરનારા પાટીલ પણ તેમાંથી બચી શક્યા નહોતા.

હોસ્પિટલમાં સારવાર દરમિયાન પાટીલનો ગઈકાલે પણ ટેસ્ટ કરાયો હતો, જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, ઈન્ફેકશનનું પ્રમાણ ઘટ્યું હતું. પાટીલને ૯ સપ્ટેમ્બરના રોજ તબિયત બગડતા હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, પાટીલનો વાયરલ લોડ ઓછો હોવાથી તેમની સ્થિતિ ખાસ ચિંતાજનક નહોતી બની. પાંચ દિવસની સારવાર બાદ આજે હવે તેમનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવશે.

સીઆર પાટીલ પ્રમુખ બન્યા બાદ પોતે કરેલી રેલીઓને કારણે ખાસ્સા ચર્ચામાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં થયેલી આ રેલીઓમાં હજારો લોકોની ભીડ ઉમટી હતી, અને તેમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો સદંતર અભાવ જોવા મળ્યો હતો. આ રેલીઓમાં ભાજપના અનેક કાર્યકરો સાથે નેતાઓએ પણ હાજરી આપી હતી. ઉત્તર ગુજરાતની રેલીમાં તો નીતિન પટેલ પણ પાટીલ સાથે હાજર રહ્યા હતા.

રાજ્યમાં હાલની તારીખે રોજના સરેરાશ ૧૩૦૦ની આસપાર નવા કોરોનાના કેસ નોંધાઈ રહ્યા છે. દર્દીઓની સંખ્યામાં વધારો થતાં મેડિકલ ઓક્સિજનની માગમાં જોરદાર વધારો થતાં તેની કિંમત વધી ગઈ છે, અને હોસ્પિટલોને તેનો સ્ટોક કરવાની તેમજ દર્દીઓને કોઈ તકલીફ ના પડે તેની આગોતરી વ્યવસ્થા કરવાની સૂચના અપાઈ છે. રાજ્યમાં ટેસ્ટિંગની સંખ્યા પણ ખૂબ જ વધારાઈ છે, અને હાલ રોજના ૭૦ હજારની આસપાસ ટેસ્ટ કરાઈ રહ્યા છે.



ભાજપ દ્વારા ઈનસપુર મોટા ખાતે સેવા સપ્તાહ અંતર્ગત ફળોનું વિતરણ

ભારતના યશસ્વી પ્રધાનમંત્રી, ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન પ્રસંગે તા. ૧૪ થી ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૦ સેવા સપ્તાહની ઉજવણી નિમિત્તે ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા સ્થિત એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે ગાંધીનગર તાલુકા ભાજપના સક્રિય હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા જરૂરિયાતમંદ હોસ્પિટલાઈઝ દર્દીઓને ફળોનું વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વિતરણ કાર્યક્રમાં તાલુકા ભાજપના મહામંત્રી રવજી ઠાકોર, અગ્રણી રમેશભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ એસ.પી. ઠાકોર, ગામના સરપંચ રમણભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ વકીલ બાલુજી ઠાકોર, અતુલભાઈ પટેલ વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરીજનોમાં સાયકલીંગનો ક્રેઝ

કોરોનાની મહામારીને કારણે નગરજનોને લોકડાઉનની પરિસ્થિતિનો સામનો કરવો પડયો હતો. ત્યારબાદ હેલ્થ કોન્શીયસ થઈ ગયેલા નગરજનો યોગા તથા વિવિધ કરસતો કરવા તરફ આગળ ધપ્યા હતા. નગરના જીમ હજુ હમણાં જ શરૂ થયા છે પરંતુ નગરજનો વોકીંગ અને સાયકલીંગ પર વધુ ધ્યાન આપી રહ્યા છે. વહેલી સવાર, મોડી સાંજ તથા રાત્રિના સમયે નગરના રસ્તા પર ઘણા નગરવાસીઓ વોકીંગ સાથે વધુ પ્રમાણમાં સાયકલીંગ કરતા નજરે ચઢે છે.




શહેરમાં હેલ્થ કોન્શીયસનેસ વધી રહી છે ત્યારે શહેરીજનો બેઝીક કસરત તરફ વળ્યા છે. વોકીંગ તો લોકડાઉન પહેલા પણ નગરજનો કરતા હતા પરંતુ લોકડાઉન બાદ વોકીંગ કરનારની સંખ્યામાં પણ વધારો થયો છે એ સાથે સાયકલીંગ કરનારની સંખ્યા બમણી થઈ છે. એક ઘરમાંથી દાદા-દીકરા અને પૌત્ર સાયકલીંગ કરતા નજરે ચઢે છે સાથે માતા-દિકરી, મિત્રો, નાના બાળકો, છોકરીઓ ખાસ સાંજે સાયકલીંગ કરતા નજરે ચઢે છે. નગરના યુવાનોને પુછતા તેઓ જણાવે છે કે સાયકલીંગ ઈઝ ફન અને બધા ફ્રેન્ડઝ ભેગા થઈને સાયકલીંગ કરવા જઈએ તેની મજા જ અલગ છે. વળી સૌથી બેસ્ટ એકસરસાઈઝ સાયકલીંગ છે.

# કેબીનેટ મંત્રી રાદડિયાનો પણ કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ

ગાંધીનગર,તા.૧૫

ગુજરાતમાં ચિંતાજનક રીતે કોરોના સંક્રમણનાં આંકડામાં વધારો થઈ રહ્યો છે. આ સાથે જ્યારથી ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ ગુજરાતનો પ્રવાસ અને રેલી કરીને આવ્યાં છે ત્યારથી ગુજરાત ભાજપનાં નેતાઓ અને કાર્યકર્તાઓ પણ કોરોના સંક્રમણનાં ભરડામાં ધીરે ધીરે આવી રહ્યાં છે. ત્યારે યુવા નેતા અને કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે રાદડિયાનાં પીએ વિપુલ બાલધાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત જામનગરનાં ધારાસભ્ય રાઘવજી પટેલનો પણ કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ ટ્વિટ કરીને પોતે કોરોના સંક્રમિત થયાની જાણકારી આપી છે.

જયેશ રાદડિયાએ ટ્વિટ કરતા જણાવ્યું કે, મને કોરોના વાયરસના સામાન્ય લક્ષણો જણાતા આજે સ્વેચ્છાએ કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. મારા કોરોના ટેસ્ટનો રિપોર્ટ પોઝિટિવ આવતા હાલ હું હોમ ક્વોરન્ટાઈન થયેલો છું અને મારી તબિયત સારી છે. છેલ્લા અઠવાડિયામા મારા સંપર્કમા આવેલ લોકોએ સ્વેચ્છાએ કોરોના ટેસ્ટ કરાવવા વિનંતી. આ ઉપરાંત જામનગરના ધારાસભ્ય રાઘવજી પટેલ કોરોના સંક્રમિત થયા છે. ભાજપના ધારાસભ્ય રાઘવજી પટેલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેઓને વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે, જયેશ રાદડિયાના પીએ વિપુલ બાલધાનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સાથે રેલી અને સભામાં રાદડિયા પણ હાજર હતા.

# રાજકોટના કલેકટર રમ્યા મોહનનો કોરોના પોઝિટિવ

રાજકોટ,તા.૧૫

રાજકોટ શહેર-જિલ્લામાં કોરોનાના વધતા જતા સંક્રમણમાં જિલ્લા કલેકટર રમ્યા મોહન પણ ઝપટે ચડી ગયા છે. છેલ્લા સાત મહિનાથી રાત-દિવસ, એક પણ રજા રાખ્યા વગર સતત કોરોનાની કામગીરી કરતાં રાજકોટ જિલ્લા કલેકટર રેમ્યા મોહનની આજે સવારે તબિયત થોડી નાદુરસ્ત થતા દરરોજના નિત્યક્રમ મુજબ સિવિલ હોસ્પિટલની વિઝીટે ગયા હતા. જયાં જિલ્લા કલેકટર રેમ્યા મોહને એન્ટીજન ટેસ્ટ કરાવ્યો હતો જે પોઝીટીવ આવતા ચકચાર મચી ગઈ છે. કલેકટર રમ્યા મોહન હવે હોમ આઈસોલેટ થયા છે અને કલેકટર બંગલેથી ચોક્કસ કામગીરી કરશે. કલેકટરનો એન્ટીજન ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે અને હોમ આઈસોલેટ થયા છે તે વાતને અધિક નિવાસી કલેકટર પરિમલ પંડયાએ સમર્થન આપ્યું હતું. રાજકોટ જિલ્લા કલેકટર રેમ્યા મોહન ગત નવેમ્બર ૨૦૧૯ થી સતત પ્રવૃત રહ્યા છે. પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી કામગીરી સતત ત્રણ મહિના કર્યા બાદ માર્ચ માસથી સતત કોરોના વચ્ચે રાત-દિવસ લડયા છે. જિલ્લા કલેકટર રેમ્યા મોહને ગત સપ્તાહે આરોગ્યના અગ્ર સચિવ જયંતિ રવિ સતત ૧૩ દિવસ રાજકોટ રોકાયા હતા ત્યારે સતત તેમની સાથે દોડધામ કરી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ આ કહે છે હું આત્મનિર્ભર બનીશ. બેંકમાંથી લોન નહીં લઉં... જાતે નોટ છાપીશ...!!